# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૦/૦૪/૨૦૨૬ થી તા.૨૬/૦૪/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ.લ.ઇ.):** ચાલુ વીકમાં પરિવાર સાથે મનોરંજન, સામાજિક કામ અને સંતાનોના ભવિષ્યની યોજના બાબતે પ્રગતિ થાય. કુટુંબનાં નાનાં સભ્યોને મદદ કરવી પડે. વારસા બાબતે પ્રગતિ થાય. કૌટુંબિક સંબંધો મજબૂત બને. યાત્રા-પ્રવાસના કામમાં સાવધાની રાખવી. મહેનત અને લગન નવી તક ઊભી કરશે. ઘરમાં નવા સભ્યનો ઉમેરો થાય. નોકરીમાં નવી તક મળે. ધંધામાં આવક વધે.

**વૃષભ (બ.વ.ઉ.):** ચાલુ વીકમાં લાંબા સમયથી અટકેલાં કામ પાર પડશે. પ્રવાસને લગતાં કામ, સામાજિક કામ, નોકરીના ઇન્ટરવ્યુનાં કામ, દાંપત્યને લગતાં કામ પાર પડશે. જાહેર જીવનમાં યશ મળે. ઉંમરલાયકના વિવાહ થાય. ખાણી-પીણી, મોજ-શોખ, શિક્ષણ, દલાલી વગેરેનાં કામમાં પ્રગતિ થાય. વહીવટી કુશળતા અને નોકરીમાં કામની વફાદારીના કારણે નવી તક મળે. આરોગ્ય બાબતે પ્રશ્નો અને ખર્ચા વધશે.

**મિથુન (ક.છ.ઘ.) :** ચાલુ વીકમાં નોકરીમાં નવી જવાબદારી વધે. દરેક કામમાં સંતુલન રાખવા પ્રયત્ન કરવા પડશે. સામાજિક કામમાં અપજશ મળી શકે છે. કોર્ટ-કચેરીમાં વિલંબ થાય. અચાનક નવા ફેરફારથી નવી તક ઊભી થાય. પ્રેમ બાબતે વિશ્વાસ વધે. રંગીન અને રસિક મુલાકાત થાય. આર્થિક પ્રગતિ થાય. જાહેર જીવનમાં પ્રગતિ થાય. ધાર્મિક યાત્રા થાય. ઘરમાં સામાજિક મેળાવડો જામશે.

**કર્ક (ડ.હ.):** સપ્તાહ વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધારનાર રહેશે. મિત્રો સાથે મનોરંજનની સાથે વ્યવસાયને લગતી યોજના પણ બને. પ્રેમમાં તાલમેળ રહે. સંતાનોની ચિંતા હળવી થાય. જીવનસાથી સાથે ધાર્મિક પ્રવાસ થાય. વિદેશના કામમાં ગતિ આવશે. પોતાના નવા વિચારો અને સકારાત્મક પ્રવૃત્તિથી પ્રભાવ વધશે. વધારાની આવકની યોજનામાં પરિવારનો સાથ મળે. આવક વધે.

**સિંહ (મ.ટ.):** સપ્તાહ દરમિયાન કાર્યસ્થળ પર તમારા નવા અને રચનાત્મક વિચારોની અસર જોવા મળે. પ્રમોશન કે પગારવધારો થાય. જાહેર જીવનમાં યશ મળે. જમીન, જાયદાદ વગેરેને લગતાં કામ પાર પડે. ધંધામાં નવા સોદા થાય. મોજશોખના ધંધાના આર્થિક લાભ થાય. સંતાનોના કામમાં મિત્રોની મદદ મળે. શેરબજારમાં તક મળે. પ્રેમમાં સહકાર મળે. ખર્ચાળ દિવસ રહેશે.

**કન્યા (પ.ઠ.ણ.):** સપ્તાહ વિદ્યાર્થીઓ માટે સકારાત્મક રહેશે. પરીક્ષા, હરીફાઈ, ઇન્ટરવ્યુ વગેરેમાં સફળતા મળે. આર્થિક પ્રગતિથી આત્મવિશ્વાસ વધશે. અટકેલાં કામમાં ગતિ આવે. વિદેશથી શુભ સમાચાર મળે. કામકાજનો બોજ વધશે. જાહેર જીવનમાં પ્રગતિ થાય. નોકરીમાં નવી જવાબદારી મળે અને સમાજમાં પ્રભાવ વધે. સંતાનોનાં કામ થાય. પ્રેમમાં સાથ મળે. અચાનક આર્થિક લાભ.

**તુલા (ર.ત.) :** ચાલુ વીકમાં તમારા કેરિયરમાં પ્રગતિ અને નવા ફેરફાર વડીલોની મદદથી થાય. આવકનાં નવાં સાધનો મળે. સામાજિક તથા કૌટુંબિક સમસ્યાનું સમાધાન થાય. ઉઘરાણી આવી શકે છે. ખાવા-પીવામાં ધ્યાન રાખવું પડશે. પરિવાર સાથે ધાર્મિક પ્રવાસ થાય. ભાવનાત્મક સંબંધો મજબૂત થાય. દૂર રહેતાં સ્નેહી, સંતાનો બાબતે શુભ સમાચાર મળે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. ધંધામાં આવક વધે.

**વૃશ્ચિક (ન.ય.):** ચાલુ વીકમાં સમાજ અને કુટુંબજીવન બાબતે સાવધાની રાખવી. આર્થિક બાબતે પ્રગતિ થાય. કોર્ટ-કચેરીમાં મદદ મળે. ભાગીદારીમાં અનુકૂળતા રહે. પ્રેમવિવાહમાં પરિવારનો સાથ મળે. સરકારી કામ, સરકારી નોકરી અને સરકારી યોજના બાબતે પ્રગતિ થાય. ઉઘરાણી આવે. આવક વધારવાની તક મળે. મિત્રો સાથે મનોરંજન થાય. પરિવાર સાથે ધાર્મિક પ્રવાસ થાય.

**ધન (ભ.ધ.ફ.ઢ.) :** સપ્તાહ દરમિયાન શત્રુઓથી સાવધાન રહેવું. આત્મવિશ્વાસ વધે તેવાં કામ પાર પડશે. સરકારી કામ અને યોજનાના લાભ મળે. આરોગ્ય નરમ રહે. ઘર-પરિવારમાં તાલમેળ વધે. કંટાળો આવે. વીલ-વારસા-જાયદાદ બાબતે પ્રગતિ થાય. અચાનક પ્રવાસમાં અશાંતિ પેદા થાય. વિદેશથી શુભ સમાચાર.

**મકર (ખ.જ.):** ચાલુ વીકમાં વિદ્યાર્થીઓને ટેકનોલોજીનો લાભ મળે. પરીક્ષામાં ઉત્સાહજનક પ્રગતિ થાય. શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં કામ થાય. પ્રેમવિવાહની શક્યતા વધશે. મિત્રોનો સાથ મળે. સંતાનોના કામમાં મદદ મળે. નોકરીમાં પગારવધારો થઇ શકે. હરીફોથી સાવધાન રહેવું. આરોગ્ય નરમગરમ રહેશે. રોજના કામમાં મદદ મળે. આવક વધારવાની તક મળે.

**કુંભ (ગ.સ.શ.ષ.):** ચાલુ વીકમાં નવી જવાબદારીઓ મળે. નવા ફેરફારથી પ્રભાવ વધશે. ઘરમાં પણ નવા ફેરફારથી અનુકૂળતા વધશે. સમાજમાં યશ મળે. નવા વિચારો કેરિયરને નવી દિશા આપશે. બહારના કામમાં મદદ મળે. વિદ્યાર્થીઓને સફળતા મળે. સંતાનોનાં કામ થાય. મોજશોખના ધંધામાં લાભ થાય. પ્રેમવિવાહનો પ્રસ્તાવ આવી શકે છે. નવા મિત્રોથી સાવધાન રહેવું. નોકરીમાં પ્રમોશન થાય. ખર્ચા વધશે.

**મીન (દ.ચ.ઝ.થ.):** સપ્તાહ દરમિયાન લાગણીઓ પર કાબૂ રાખવો. તમારી વહીવટી કુશળતાના લાભ મળે. નવી જવાબદારી મળે. આર્થિક લાભના રસ્તા ખૂલે. અટકેલાં કામ પાર પડશે. નવાં ઘર, વાહન, મકાન યોજના આગળ વધે. ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. વિદ્યાભ્યાસમાં મદદ મળે. પ્રેમમાં સહકાર મળે. સંતાનોનાં કામ થાય. નોકરીમાં નવી તક ઊભી થાય. સરકારી કામમાં પ્રગતિ થાય. શુભ સમાચાર મળે.

# ઇઝરાયલની કુંડલી

ઇઝરાયલની કન્યા લગ્નની કુંડલીમાં ત્રીજા અને આઠમા ભાવના માલિક મંગળ બારમે, શત્રુઓથી કાયમ ભયભીત રાખનાર બને છે. આ મંગળ આઠમે રહેલ રાહુની દૃષ્ટિમાં અચાનક દુશ્મનોથી નુકસાન અને માનસિક ભ્રમ પેદા કરનાર છે. **મંગળ રાહુનો આ યોગ ઇઝરાયલને કાયમ યુદ્ધ અને અશાંતિમાં રાખનાર છે.** બારમા મંગળ છૂપા દુશ્મનો ઉત્પન્ન કરે છે અને શત્રુઓ તરફથી ઓચિંતો ભય અને હિંસાના ભોગ બનાવનાર છે. માટે ઇઝરાયલ ક્યારે પણ પોતાની પ્રજાને સુખ શાંતિથી રહેવાનું વાતાવરણ આપી શકે તેમ નથી.

રાહુની દૃષ્ટિનો મંગળ દુશ્મનના કાવતરાના ભોગ બનાવીને પુષ્કળ નુકસાન અને જાનહાનિ કરનાર બને છે. મંગળ અને રાહુ યુદ્ધના દેવ છે. માટે ઇઝરાયલ તેના અસ્તિત્વથી યુદ્ધમાં છે અને રહેશે. તેની ઉત્પત્તિ જ યુદ્ધથી થઇ છે માટે આ દેશને ક્યારે પણ શાંતિનો અનુભવ થશે નહીં. અચાનક દુશ્મનોના હુમલાનો ભોગ તેના અસ્તિત્વ સાથે પેદા થયેલ છે. ઇઝરાયલની કુંડલી કેન્દ્રાધિપતિ યોગથી અશુભ બનતો વક્રી ગુરુ મારકેશ થઇને સુખસ્થાનમાં અશુભ બને છે. વક્રી ગુરુ કાયમ ભૂતકાળ સાથે જોડી રાખે છે. જ્યોતિષના નિયમ પ્રમાણે વક્રી ગુરુ ભૂતકાળમાં બનેલ ઘટનાનું પુનરાવર્તન કરીને, કાયમ ભૂતકાળ સાથે જોડી રાખે છે.આ ગુરુના કારણે ઇઝરાયલની પ્રજા પોતાના ઘરમાં કાયમ જ ભયભીત અને અસુરક્ષિત રહે છે. નિયમ પ્રમાણે ચોથા સ્થાનનો અશુભ ગુરુ પરિવારને તોડવાનું કામ કરે છે. ઇઝરાયલમાં દરેક પરિવાર યુદ્ધ સાથે જોડાયેલ હોય છે. માટે ક્યારે શું થાય તે નક્કી નહીં. મારકેશ અને વક્રી ગુરુ કાયમ યુદ્ધ સાથે જોડી રાખે છે અને મૃત્યુના ભયમાં પણ રાખે.

હાલમાં 2023 થી 2041 સુધીની આઠમે રહેલ રાહુની મહાદશા ચાલે છે. 2023 થી ઇઝરાયલની પ્રજાની ખૂનામરકી અને જાનહાનિ વધી છે.અચાનક દુશ્મન દેશોના હુમલામાં ભયંકર નુકસાન અને માનસિક પીડા તથા જાનમાલને ભયંકર નુકસાન થયું છે અને આજની તારીખમાં પણ ચાલુ છે. ઓક્ટોબર 2025 થી માર્ચ 2028 સુધી રાહુમાં મારકેશ અને વક્રી તથા કેન્દ્રાધિપતિ દોષયુક્ત ગુરુની અંતરદશા ચાલે છે. ઇઝરાયલના ઇતિહાસમાં આ સમય સૌથી કપરો છે. મારકેશ ગુરુ તેના અસ્તિત્વ માટે ખતરા સમાન છે. છેલ્લા એક વર્ષથી ગોચરના ગુરુ પણ મિથુનમાં અતિચારી ચાલથી ગુરુની સામેથી પસાર થાય છે માટે જ ઇઝરાયલ જેવો દેશ દુશ્મનોના કાયમ છક્કા છોડાવનાર કે દુશ્મનોને પળભરમાં નષ્ટ કરનાર દેશ આજે ખરાબ હાલતમાં છે.

કોઇ પણ કુંડલીમાં ગુરુ જયારે મારકેશ બને છે ત્યારે તેનું ફળ મોટા ભાગે અશુભ હોય છે. કુંડલીમાં ચોથું સ્થાન સુખસ્થાનની સાથે જીવનની અંતિમ ગતિનું પણ છે.

જ્યોતિષના નિયમ પ્રમાણે રાહુ જે આઠમે છે તે આયુષ્ય સ્થાન છે. આઠમે રાહુ આયુષ્યને ટૂંકું કરનાર બને છે. આઠમા સ્થાનમાં રાહુ મંગળનો કોઇ પણ રીતે યોગ ઇચ્છવાયોગ્ય નથી.આગ, અકસ્માત, યુદ્ધ, દુશ્મનોનાં કાવતરાં, કારાવાસ, ઓચિંતો વિનાશના યોગ કરે છે. ત્રીજું સ્થાન પણ આયુષ્યનું છે. ત્રીજા અને આઠમા સ્થાન સાથે મંગળનો સંબંધ અને મારકેશ **ગુરુની અંતર દશા ઇઝરાયલ અને ઇઝરાયલની પ્રજા માટે શુભ નથી. 2028 સુધીમાં યુદ્ધથી ભયાનક વિનાશના યોગ બને છે.**

જ્યોતિષના નિયમ પ્રમાણે ગુરુ-શુક્ર જયારે મારકેશ બને છે ત્યારે મૃત્યુ કે મૃત્યુ સમાન સ્થિતિનું નિર્માણ કરે છે. ઇઝરાયલની કુંડલીમાં બુધ સાથે રાજયોગ કરતો શુક્ર પણ મારકેશ બને છે. આ રાજયોગ સુખ-સમૃદ્ધિની સાથે મોતના ભયમાં રાખનાર બને છે.

ગોચર પ્રમાણે મંગળની સામેથી રાહુ પસાર થાય છે. જે ડિસેમ્બર 2026 સુધી રહેશે. આ અંગારક યોગ ઇઝરાયલને દઝાડે છે. ઇઝરાયલના શક્તિશાળી નેટવર્ક અને આધુનિક ટેક્નોલોજીથી સજ્જ દેશ અને દેશની સેનાને આ યોગ આગમાં ધકેલનાર બને છે.

ઇઝરાયલની કુંડલીમાં ગુરુ સિવાયના તમામે તમામ ગ્રહો કેતુના ભરડામાં છે અને ગોચરમાં પણ આજની તારીખે તમામ ગ્રહો કેતુના ભાવમાં છે અને મંગળ પરથી કેતુ પસાર થાય છે. આકાર્મિક કેતુ મંગળની ઊર્જાને ખાલી કરનાર બને છે. માટે જ અજેય ઇઝરાયલ આજે દુશ્મનોથી માર ખાઈ રહ્યો છે. મંગળ પરથી કેતુનું ભ્રમણ ગૂંગળામણ પેદા કરે છે અને પોતાના રસ્તાથી ભટકાવીને અટવાઈ ગયાનો ભ્રમ પેદા કરીને બીજાને આધિન કરી દે છે અને ઊર્જા હણી લે છે.

કોઇ પણ દેશનું અગિયારમું સ્થાન જે તે દેશના વડાનું માનવામાં આવે છે. ઇઝરાયલની કુંડલીમાં અગિયારમે પ્લુટો શનિ બંને ગંડાત રાશિ અને નક્ષત્રમાં ચંદ્ર સાથે છે માટે દેશના વડાના કારણે દેશ મુસીબતમાં મુકાય. નેતન્યાહુના સૂર્ય પર ઇઝરાયલનો કેતુ આવે છે. અહીં વડા પ્રધાન પોતાની ઓળખ, સન્માન અને વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા પ્રાપ્ત કરવામાં સત્તા અને અહમના કારણે દેશને મુસીબતમાં મૂકવાના યોગ કેતુ કરે છે. વડાપ્રધાનના સૂર્ય પરનો કેતુ દેશને વણઉકેલાય સ્થિતિમાં મૂકનાર બને છે. **આમ, નેતન્યાહુ અને ઇઝરાયલની કુંડલી પ્રમાણે ઇઝરાયલ માટે શુભ નથી અને નેતન્યાહુની સત્તા જવાની તથા તેમના પર હુમલો થવાની શકયતા ગોચર અને જન્મના ગ્રહો કરે છે.**

**ઇઝરાયલ ક્યારે પણ પોતાની પ્રજાને સુખ શાંતિથી રહેવાનું વાતાવરણ આપી શકે તેમ નથી.**

# ધંધુકા હત્યાકાંડમાં ૨૦થી વધુ ઝડપાયા

**ડીવાયએસપીના** નેતૃત્વમાં SITની રચના

**ગેરકાયદે** દબાણો પર ચાલશે 'દાદાનું બુલડોઝર'

અમદાવાદ : અમદાવાદ જિલ્લાના ધંધુકામાં બાઇક અથડાવા જેવી સામાન્ય બાબતે થયેલી ધર્મેશ ગમારાની હત્યા બાદ સમગ્ર પંથકમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને અમદાવાદ રૂરલ પોલીસ દ્વારા સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરવામાં આવી છે. બીજી તરફ, હિંસા અને તોડફોડ કરનારા તત્વો સામે પણ પોલીસે લાલ આંખ કરી છે. હત્યાકાંડની નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ માટે ડીવાયએસપી પ્રકાશ પ્રજાપતિના નેતૃત્વમાં ૪ અધિકારીઓની SIT બનાવવામાં આવી છે. આ ટીમમાં ડીવાયએસપી પ્રકાશ પ્રજાપતિ, પી.આઈ. રઘુ કરમટીયા, પી.આઈ. કરણ વિહોલ અને પી.એસ.આઈ. એસ. એચ. ઝાલાનો સમાવેશ કરાયો છે. આ ટીમ દ્વારા સમગ્ર મામલે ઉંડી તપાસ કરવામાં આવશે અને દર અઠવાડિયે પોતાનો પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરવામાં આવશે. એસપી ઓમ પ્રકાશ જાટે પણ મૃતકના પરિવારની મુલાકાત લઈને તેમને સાંત્વના પાઠવી હતી અને આ કેસમાં જે પણ દોષી હશે તેમની સામે કડક કાર્યવાહી કરી ન્યાય અપાવવાની ખાતરી આપી છે.

શનિવારે ૧૮ એપ્રિલના રોજ બપોરે બાઈક અથડાવા બાબતે સમીર અને ધર્મેશ વચ્ચે બોલાચાલી થઈ હતી. સાંજે મામલો ઉગ્ર બનતા સમીર અને પરવેજ (રિઝવાન) સહિતના શખ્સોએ ધર્મેશ પર છરીથી હુમલો કર્યો હતો, જેમાં વધુ લોહી વહી જવાથી તેનું મોત નિપજ્યું હતું. આ સમાચાર ફેલાતા જ ધંધુકામાં રોષ ફાટી નીકળ્યો હતો. ઉશ્કેરાયેલા ટોળાએ બજારમાં દુકાનો, વાહનો અને લારી-ગલ્લાઓમાં તોડફોડ કરી આગચંપી કરી હતી.પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ધંધુકામાં પોલીસનો ભારે બંદોબસ્ત ગોઠવાયો છે. SRPની ટુકડીઓ સહિત અમદાવાદ અને આસપાસના જિલ્લાઓમાંથી પોલીસ દળ તહેનાત કરવામાં આવ્યા છે. સંવેદનશીલ વિસ્તારોમાં કોમ્બિંગ હાથ ધરાયું છે અને શહેરના એન્ટ્રી-

મૃતક ધર્મેશ ગમારા (ઉંમર 35) હોટલ વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેમના પરિવારના બે સભ્યો પોલીસ વિભાગમાં ફરજ બજાવે છે. શનિવારે રાત્રે જ તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા, જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ જિલ્લા પોલીસ વડા ઓમપ્રકાશ જાટે જણાવ્યું હતું કે, સમગ્ર મામલે કડક કાર્યવાહી કરવામાં આવશે અને કાયદો-વ્યવસ્થા જાળવવા તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. સોશિયલ મીડિયા પર પણ નજર રાખવામાં આવી રહી છે.હાલ ધંધુકામાં પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાનું પોલીસનું કહેવું છે, પરંતુ હજુ પણ વિસ્તારમાં અજંપાભર્યો માહોલ યથાવત્ છે. ગુજરાતના અન્ય શહેરોની જેમ હવે ધંધુકામાં પણ ગેરકાયદેસર દબાણો પર સીએમ ભૂપેન્દ્ર પટેલનું બુલડોઝર ફરી વળશે. પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા ગેરકાયદે સ્ટ્રક્ચરોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે અને નિયમ મુજબ નોટિસ આપીને આ દબાણો તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરાશે. સંવેદનશીલ વિસ્તારોમાં કોમ્બિંગ શનિવારે રાત્રે જ પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં મોટું સર્ચ ઓપરેશન (કોમ્બિંગ) હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં કેટલાક શંકાસ્પદ હથિયારો મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. હાઈવે પર પણ એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ પર કડક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. હાલમાં સમગ્ર ધંધુકા શહેરમાં અજંપાભરી શાંતિ જોવા મળી રહી છે.

# જમીન કૌભાંડમાં રૂંગટા ગ્રુપના મેનેજર સાથે ૪.૫૬ કરોડની ઠગાઈ

**ઇકો** સેલે ૧૬ સામે ગુનો નોંધી તપાસ શરુ કરી

સુરતઃપલસાણા તાલુકાના ઈટાળવા ગામની કરોડોની કિંમતની ખેતીની જમીન વેચાણ આપવાના બહાને સુરતના જાણીતા બિલ્ડર ગ્રુપ સાથે રૂ. ૪.૫૬ કરોડની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ચોંકાવનારી ફરિયાદ વેસુ પોલીસ મથકે નોંધાઈ છે. જમીન માલિકો અને મધ્યસ્થી દલાલે પૂર્વ આયોજિત કાવતરું રચી, એક બ્લોકનો દસ્તાવેજ કરી આપી બીજા બ્લોકના નાણાં મેળવી લીધા બાદ તે જમીન અન્યને પધરાવી દઈ વિશ્વાસઘાત કર્યો હોવાનું બહાર આવ્યું છે.

મળતી વિગતો મુજબ, વેસુ વી.આઈ.પી. રોડ પર આવેલા રૂંગટા શોપિંગ સેન્ટરમાં ઓફિસ ધરાવતા અને રૂંગટા ડેવલોપર્સમાં વહીવટી કામકાજ જોતા સંજય ઓમપ્રકાશ ભાઉવાલા (ઉ.વ. ૫૭) એ આ મામલે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૧માં દલાલ ઈલ્યાસ અબ્દુલ કાકાએ ઈટાળવા ગામના બ્લોક નં. ૧૫૭ અને ૨૦૯ વાળી જમીન વેચાણ આપવાની વાત કરી ખેડૂતો સાથે મુલાકાત કરાવી હતી. જે-તે સમયે બ્લોક નં. ૧૫૭ની કિંમત રૂ. ૩.૭૧ કરોડ અને બ્લોક નં. ૨૦૯ની કિંમત રૂ. ૩.૩૦ કરોડ નક્કી કરવામાં આવી હતી. આરોપીઓએ વિશ્વાસમાં લઈ ટુકડે-ટુકડે ચેક અને રોકડ સ્વરૂપે કુલ રૂ. ૪,૫૬,૮૫,૨૬૪ મેળવી લીધા હતા. જેમાંથી બ્લોક નં. ૨૦૯નો દસ્તાવેજ તો કરી આપ્યો હતો, પરંતુ બ્લોક નં. ૧૫૭ પેટે રૂ. ૧.૨૬ કરોડથી વધુની રકમ મેળવી લીધી હોવા છતાં તેનો દસ્તાવેજ કરવામાં ગલ્લાં-તલ્લાં કરતા હતા. ફરિયાદી જ્યારે ઉઘરાણી કરવા ગયા ત્યારે આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તપાસ કરતા માલમ પડ્યું હતું કે,આરોપીઓએ આ જમીન અબુબકર સુલેમાન પટેલ નામની વ્યક્તિને રૂ. ૧૦ લાખમાં સાટાખત કરી આપી બિલ્ડર સાથે છેતરપિંડી આચરી હતી. આ મામલે આર્થિક ગુના નિવારણ શાખા (ECO Cell) ની તપાસ બાદ વેસુ પોલીસે કુલ ૧૬ શખ્સો વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ ૩૧૬(૫) અને ૬૧(૨) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**સામરોદ અને ઇટાળવાના આ લોકો સામે ગુનો નોંધાયો**

- મહમુદ ઇબ્રાહિમ પટેલ
- યાહીયા મહમુદ પટેલ
- ઉંમર મહમુદ પટેલ
- સુલેમાન ઇબ્રાહીમ પટેલ
- ફરીદા (અબદુલ્હે પટેલની પુત્રી)
- નશીમા (અબદુલ્હે પટેલની પુત્રી)
- યાસ્મીન અબદુલ્હ પટેલ
- મોહમ્મદ ઇકબાલ અબદુલ્હે પટેલ
- રશીદા અબદુલ્હે પટેલ
- ઝેબન ઇસ્માઇલ પટેલ
- અહમદ ઇસ્માઇલ પટેલ
- તાહેરાબીબી (ઇસ્માઇલ પટેલની પુત્રી અને મહમદની પત્ની)
- યુસુફ ઇસ્માઇલ પટેલ
- નફીસા (ઇસ્માઈલ પટેલની પુત્રી અને અફઝલની પત્ની)
- તુનુસ મહમુદ પટેલ
- ઇલ્યાસ અબ્દુલ કાકા (દલાલ)

# રાંદેરના વિધર્મીએ હિન્દુ વૃદ્ધોને સાંકળથી બાંધી ફટકાર્યા

**બંને** વૃદ્ધ છૂટવા માટે આજીજી કરતાં રહ્યાં અને ઇમરાન ટપલી મારી ગાળ આપતો રહ્યો

સુરતઃરાંદેર વિસ્તારમાં માનવતાને શર્મસાર કરતી એક ઘટના પ્રકાશમાં આવી છે. રાંદેર બસ સ્ટેશન પાસે આવેલા એક ટી સેન્ટરની બાજુમાં બે આધેડોને લોખંડના પોલ સાથે સાંકળ વડે બાંધી દઈ, તેઓની મશ્કરી કરી માર મારતો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. આ મામલે ભોગ બનનારના પુત્રએ ઈમરાન નામના શખ્સ અને તેના સાગરીતો વિરુદ્ધ રાંદેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાંદેર હનુમાન ટેકરી વિસ્તારમાં રહેતા અને માછીમારીનો વ્યવસાય કરતા જયેશભાઈ હરીભાઈ સેલરે ફરિયાદ માં જણાવ્યું છે કે,ગત તા. ૧૪ એપ્રિલના રોજ સવારના ૧૦:૩૦ થી ૧૨:૦૦ વાગ્યાના અરસામાં તેમના પિતા હરીભાઈ નટવરભાઈ સેલર (ઉ.વ. ૬૪) રાંદેર બસ સ્ટેશન પાસે રોશની ટી સેન્ટર ખાતે ચા પીવા ગયા હતા. તે સમયે ઈમરાન અને અન્ય અજાણ્યા શખ્સોએ તેમને તથા તેમના મિત્ર રમેશભાઈને પકડી લીધા હતા. આરોપીઓએ બંને વૃદ્ધોને લોખંડના પોલ સાથે કમરના ભાગે સાંકળ વડે બાંધી દીધા હતા. વિડીયોમાં જોઈ શકાય છે કે વૃદ્ધો છૂટવા માટે આજીજી કરી રહ્યા હતા, છતાં ઈમરાન નામનો શખ્સ રમેશભાઈને માથામાં ટપલીઓ મારી ગાળો આપી રહ્યો હતો. એટલું જ નહીં, આરોપીઓએ તેમના ખિસ્સા તપાસી 'કેટલા પૈસા છે' તેમ કહી અપમાનિત કર્યા હતા.આ સમગ્ર ઘટનાનો આરોપીઓએ મોબાઈલમાં વિડીયો ઉતાર્યો હતો અને તેને સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો.

ગત રાત્રે જયેશભાઈના પિતરાઈ ભાઈએ વોટ્સએપ પર આ વિડીયો જોતા પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા. પિતાને પૂછતા તેમણે આપવીતી જણાવી હતી કે તેઓને બદનામ કરવાના ઈરાદે આ કૃત્ય કરવામાં આવ્યું હતું. રાંદેર પોલીસે આ મામલે ઈમરાન તથા અન્ય અજાણ્યા શખ્સો વિરુદ્ધ બી.એન.એસ. (B.N.S.) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## PSI ભરતી માટે આજે રાજ્યભરમાં લેખિત પરીક્ષા યોજાઈ, 1.10 લાખથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી

ગાંધીનગર,તા.19: ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા PSI (પોલીસ સબ ઇન્સ્પેક્ટર) કેડરની ભરતી પ્રક્રિયા અંતર્ગત આજે 19 એપ્રિલ, 2026ના રોજ રાજ્યભરમાં લેખિત પરીક્ષા યોજાઈ હતી. 858 જગ્યાઓ માટે ચાલી રહેલી આ ભરતીમાં શારીરિક કસોટી પાર કરનાર કુલ 1,10,665 ઉમેદવારો આજે પરીક્ષા માટે હાજર રહ્યા હતા. પોલીસ ભરતી બોર્ડના જણાવ્યા અનુસાર, PSI કેડરની પેપર-1 અને પેપર-2ની પરીક્ષા બે તબક્કામાં લેવામાં આવી હતી. પ્રથમ પેપર સવારે 9:30થી 12:30 વાગ્યા સુધી જ્યારે બીજું પેપર બપોરે 3થી 6 વાગ્યા સુધી યોજાયું હતું.રાજ્યભરમાં કુલ 371 જેટલી શાળાઓમાં પરીક્ષા કેન્દ્રો ગોઠવવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદ, રાજકોટ સહિત મુખ્ય ચાર શહેરોમાં મોટા પાયે ઉમેદવારો માટે વ્યવસ્થા કરવામાં આવી હતી.આ ભરતી પ્રક્રિયામાં શારીરિક કસોટી પાર કરનાર 74,591 પુરુષ ઉમેદવારો અને 36,074 મહિલા ઉમેદવારો મળી કુલ 1.10 લાખથી વધુ ઉમેદવારો લેખિત પરીક્ષા માટે લાયક ઠર્યા હતા. પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તમામ કેન્દ્રો પર કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ઉમેદવારોને નિષ્પક્ષ અને પારદર્શક રીતે પરીક્ષા આપી શકે તે માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. રાજ્યભરમાં એક સાથે યોજાયેલી આ પરીક્ષાને લઈને ઉમેદવારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. હવે લેખિત પરીક્ષાના પરિણામ બાદ આગળની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### ઇરાન હાલ...

નીચે દટાયેલું છે. ખતીબઝાદેહે કહ્યું કે બંને પક્ષો વચ્ચે સંદેશાઓની ઘણી આપ-લે થઈ છે, પરંતુ તેમણે અમેરિકા પર એવો આરોપ લગાવ્યો કે તે એવી માંગણીઓ પર અડગ છે જેને ઈરાન અતિશય માને છે. તેમણે ઉમેર્યું કે, અમે હજુ સુધી વાસ્તવિક બેઠક કરવાના તબક્કે પહોંચ્યા નથી કારણ કે એવા કેટલાક મુદ્દાઓ છે જેમાં અમેરિકનોએ હજુ સુધી તેમનું મહત્તમવાદી વલણ છોડ્યું નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઈરાન રૂબરૂ મુલાકાત કરતા પહેલા એક માળખાગત કરારને અંતિમ રૂપ આપવા ઈચ્છે છે.

### SIR તત્કાળ...

નામ કાઢી નાખવામાં આવ્યા છે અને જેમણે અપીલ દાખલ કરી છે, તેનો તાત્કાલિક નિકાલ લાવવો જોઈએ જેથી તેઓ મતદાન કરી શકે, અથવા તમામના મતાધિકાર સુનિશ્ચિત કરવા માટે ૨૦૨૫ની અપડેટેડ મતદાર યાદીઓનો ઉપયોગ કરવો જોઈએ. તેમાં વધુમાં ઉમેર્યું હતું કે, જો આવું કરવામાં નહીં આવે તો પશ્ચિમ બંગાળ વિધાનસભાની વર્તમાન ચૂંટણીઓ અર્થહીન બની જશે. ઠરાવમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, SIR પ્રક્રિયાને સ્પષ્ટપણે પુનઃવ્યાખ્યાયિત કરવી જોઈએ. ચૂંટણી પંચની ભૂમિકા મતદાર યાદીમાં નામ સામેલ કરવાની છે; તે નાગરિકતાના દસ્તાવેજોની માંગણી કે ચકાસણી કરી શકે નહીં. નાગરિકતા નક્કી કરવાની જવાબદારી ગૃહ મંત્રાલયની છે. આ સેમિનારના સંયોજક જેએનયુ (JNU) ના વિકાસ વાજપેયી અને સહ-સંયોજક પત્રકાર અનિલ દુબે હતા.

### ઇટાલીમાં બે...

કૌરજીની સામેના ચોકમાં થયો હતો. મૃતકોની ઓળખ 48 વર્ષીય રાગીન્દર સિંહ (કોવોના રહેવાસી) અને 48 વર્ષીય ગુરમીત સિંહ (અગ્નાડેલોના રહેવાસી) તરીકે થઈ છે. અહેવાલમાં જણાવાયું છે કે હુમલાખોર કથિત રીતે આ શખ્સોની નજીક આવ્યો, ગોળીબાર કર્યો અને પછી કારમાં ફરાર થઈ ગયો.

પ્રાથમિક તારણો મુજબ, અચાનક ફાટી નીકળેલી કોઈ લડાઈ લોહિયાળ સંઘર્ષમાં ફેરવાઈ હોય તેવી શક્યતા નકારી કાઢવામાં આવી છે. અધિકારીઓ આ ઘટના એક સુનિયોજિત હત્યા હોવાની આશંકા સાથે તપાસ કરી રહ્યા છે અને ઘટનાસ્થળેથી આશરે દસ કારતૂસના ખોખા મળી આવ્યા છે. એક સાક્ષીએ પત્રકારોને જણાવ્યું હતું કે શૂટર એક ભારતીય હતો જે અવારનવાર આ ગુરુદ્વારામાં આવતો હતો. તે જ સાક્ષીના જણાવ્યા અનુસાર, ગોળીઓ ત્રીજી વ્યક્તિને પણ સ્પર્શીને પસાર થઈ હતી. ઉલ્લેખનીય છે કે, શનિવારે સ્થાનિક સંસ્થાઓની ભાગીદારી સાથે નજીકમાં વૈશાખીની સત્તાવાર ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ઇરાન કરાર...

તેઓ તેમ નહીં કરે, તો અમેરિકા ઈરાનના દરેક પાવર પ્લાન્ટ અને દરેક પુલને તોડી પાડશે. હવે કોઈ નરમાઈ રાખવામાં આવશે નહીં. ટ્રમ્પે વધુમાં જણાવ્યું કે જો તેઓ સોદો નહીં કરે, તો જે કામ છેલ્લા 47 વર્ષોમાં અન્ય રાષ્ટ્રપતિઓએ ઈરાન સાથે કરવાનું જોઈતું હતું, તે કરવામાં તેમને ગર્વ થશે. તેમણે હોર્મુઝની સામુદ્રધુની બંધ કરવાના ઈરાનના નિર્ણયને વિચિત્ર ગણાવતા કહ્યું કે અમેરિકાની નાકાબંધીને કારણે આ જળમાર્ગ પહેલેથી જ બંધ જ હતો.

### નાસાના નાઇટ...

દર્શાવ્યું હતું કે તે સ્થિર તેજ નહીં પરંતુ અનેક પરિબળો દ્વારા આકાર પામેલા પ્રાદેશિક તેજમાં વધારો અને ઘટાડોનું એક પેચવર્ક હતું. 2022 માં યુનાઇટેડ સ્ટેટ્સમાં કોઈપણ દેશ કરતાં અત્યાર સુધીની સૌથી વધુ કુલ તેજ હતી, ત્યારબાદ ચીન, ભારત, કેનેડા અને બ્રાઝિલનો સમાવેશ થાય છે.

### માર્ગ સુરક્ષા...

અસરથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટ્સે ૬૦ દિવસની અંદર તમામ નવા કે જૂના અનધિકૃત બાંધકામો હટાવવાની કામગીરી કરવાની રહેશે. વધુ સુનાવણી બે મહિના પછી રાખવામાં આવી છે.

### જહાજો પર...

તાજેતરમાં ઈરાનની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા તરીકે કાર્ય કરી રહી છે.

પરિષદે જણાવ્યું હતું કે, ગલ્ફ ક્ષેત્રમાં અમેરિકી સૈન્ય મથકોનો મોટાભાગનો પુરવઠો આ સમુદ્રધુની મારફતે આવતો હોવાથી, જ્યાં સુધી યુદ્ધ સંપૂર્ણપણે સમાપ્ત ન થાય ત્યાં સુધી ઈરાન આ માર્ગ પરથી થતી અવરજવર પર દેખરેખ અને નિયંત્રણ જાળવી રાખવા મક્કમ છે. આનો અર્થ એ છે કે વહાણોએ ઈરાન દ્વારા નિર્ધારિત માર્ગોનો ઉપયોગ કરવો પડશે, ફી ચૂકવવી પડશે અને ટ્રાન્ઝિટ સર્ટિફિકેટ મેળવવું પડશે.

### એક ભારતીય...

ઓફ ઈન્ડિયા (SCI) નું આ ટેન્કર માર્ચની શરૂઆતથી અત્યાર સુધીમાં આ સામુદ્રધુની ઓળંગનાર ૧૦મું ભારતીય ધ્વજ ધરાવતું જહાજ છે.

આની વિરુદ્ધમાં, 'વેરી લાર્જ ક્રૂડ કેરિયર' સનમાર હેરાલ્ડ અને બલ્ક કેરિયર જગ અર્નવ પર છેલ્લા ૨૪ કલાકમાં સામુદ્રધુનીમાંથી પસાર થતી વખતે ફાયરિંગની ઘટના બની હતી અને તેઓ પર્શિયન ગલ્ફમાં પાછા ફર્યા હતા. ક્રૂના કોઈ પણ સભ્યને ઈજા થઈ નથી. મરીનટ્રાફિક ડેટા અનુસાર, ઓઈલ ટેન્કર દેશ વૈભવ અને દેશ વિભોર પણ આ ચોકપોઈન્ટ પાસે પોતાનો માર્ગ બદલીને પરત ફર્યા છે, જેથી પર્શિયન ગલ્ફમાં ભારતીય ધ્વજ ધરાવતા જહાજોની સંખ્યા ૧૪ થઈ છે. સરકારી અપડેટ મુજબ, ગઈકાલે વિદેશ મંત્રાલય દ્વારા ઈરાનના રાજદૂતને વિદેશ સચિવ સાથેની બેઠક માટે બોલાવવામાં આવ્યા હતા. બેઠક દરમિયાન, વિદેશ સચિવે હોર્મુઝની સામુદ્રધુનીમાં બે ભારતીય જહાજો સાથે બનેલી ફાયરિંગની ઘટના અંગે ભારતની ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

### ટ્રમ્પ આવવાની...

જિલ્લાના અધિકારક્ષેત્રમાં આવે છે, પરંતુ મુસાફરોએ ઇસ્લામાબાદ પહોંચવા માટે રાવલપિંડી જિલ્લાના વિસ્તારમાંથી પસાર થવું પડે છે. રાવલપિંડીમાં આટલી મોટી સુરક્ષા વ્યવસ્થા સાથે સત્તાવાળાઓએ જણાવ્યું છે કે, ગયા અઠવાડિયે ટ્રમ્પે ઈરાન સાથેના કરાર પર હસ્તાક્ષર કરવા માટે પાકિસ્તાનની મુલાકાત લેવાની શક્યતા દર્શાવ્યા બાદ તેઓ કોઈ પણ પ્રકારનું જોખમ લેવા માંગતા નથી. એક્સપ્રેસ ટ્રિબ્યુન અખબારે અહેવાલ આપ્યો છે કે રાવલપિંડીમાં ડ્રોન ઉડાડવા, કબૂતર ઉડાડવા અને હવાઈ ફાયરિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. અધિકારીઓનું કહેવું છે કે આ પગલાંનો ઉદ્દેશ્ય ઉચ્ચ સ્તરીય વિદેશી પ્રતિનિધિમંડળોને લાવતા વિમાનોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. પોલીસે પુષ્ટિ કરી છે કે રાવલપિંડીમાં, ખાસ કરીને નૂર ખાન એરબેઝ અને ઇસ્લામાબાદ એરપોર્ટની આસપાસ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. કડક દેખરેખના ભાગરૂપે પોલીસ અધિકારીઓને ઈમારતોની છત પર પણ તૈનાત કરવામાં આવશે. ન્યૂ ટાઉન, સાદિકાબાદ અને ચકલાલા પોલીસ સ્ટેશનની હદમાં વિશેષ સુરક્ષાના પગલાં લાગુ કરવામાં આવ્યા છે. પ્રથમ તબક્કામાં, સત્તાવાળાઓએ મધરાતથી આગામી સૂચના સુધી આ વિસ્તારોમાં રેસ્ટોરન્ટ્સ બંધ રાખવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત, પાર્ક, બજારો, બેંકો અને તમામ પ્રકારની દુકાનો તથા સંસ્થાઓ પણ બંધ રહેશે.

[પરિશિષ્ટ - IV-A] [નિયમ 8 (6) પ્રોવિસો સાથે વાંચો 9(1)]

**સ્થાવર મિલકતની ઈ-હરાજી વેચાણ માટેની જાહેર નોટિસ**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

CIN: U67100MH2007PLC174759

રજિસ્ટર્ડ ઓફિસઃ એડલવાઈસ હાઉસ, પહેલો માળ, CST રોડ પાસે, કાલિના, મુંબઈ 400098.

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર સિક્યોર્ડ અસ્કયામતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ("નિયમો")ના નિયમ 8 (6) અને 9(1) ના પ્રોવિસો સાથે વાંચતા. નીચે ઉલ્લેખિત વિવિધ વેચાણ સંસ્થાઓ (ત્યારબાદ "એસાઈનર" તરીકે ઓળખાય છે)ની નાણાકીય સુવિધાઓ એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે જે કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત વિવિધ ટ્રસ્ટીઓના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં કાર્ય કરે છે. સદર અસાઇનમેન્ટના અનુસંધાને, EARCએ અસાઇનરના સ્થાને આવીને સિક્યોર્ડ લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો છે. સિક્યોર્ડ લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, EARCએ સરફેસી એક્ટની કલમ 13(4) અને તે હેઠળના નિયમો હેઠળ નીચે ઉલ્લેખિત સ્થાવર સિક્યોર્ડ અસ્કયામતોનો કબજો લીધો છે.

જાહેર જનતાને અને ખાસ કરીને લોન લેનાર અને જામીનદારને 15/30 દિવસની નોટિસ આપવામાં આવે છે કે સિક્યોર્ડ લેણદારની તરફેણમાં ગીરો રાખેલી નીચે વર્ણવેલ સ્થાવર સિક્યોર્ડ અસ્કયામતો, જેનો ભૌતિક કબજો અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ "જેમ છે તેમ", "જ્યાં છે ત્યાં", અને "જે કંઈ પણ છે તેમ"ના ધોરણે કરવામાં આવશે. આ વેચાણ EARCને લોન લેનાર અને જામીનદાર પાસેથી મળેલ કોઈપણ નાણાં બાદ કર્યા પછી બાકી રહેતી રકમ, વ્યાજ અને અન્ય ખર્ચ/ખર્ચાઓની વસૂલાત માટે કરવામાં આવશે. મિલકત માટેની રિઝર્વ પ્રાઈસ અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે મુજબ છે.

**ઈ-હરાજી માટે મુકવામાં આવેલ સિક્યોર્ડ અસ્કયામતોની વિગતોઃ**

| લોન એકાઉન્ટ નં/ વેચાણ સંસ્થા લોન | લેનાર / સહ-લોન લેનાર/ જામીનદાર/ ગીરો રાખનારનું નામ | ટ્રસ્ટનું નામ | 15-04-2026 સુધીનું કુલ બાકી લેણું (રૂ. માં) | રિઝર્વ પ્રાઈસ (રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (રૂ.) | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| 'HL/0222/H/19/100034/ પૂનાવાલા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ | 1. રાજપૂત લલિતેન્દુ કે. (લોન લેનાર) 2. કનૈયાલાલ જે સિંઘ, 3. સિંઘ માધુરીબેન અને 4. સિંઘ પુનેદકુમાર (સહ-લોન લેનારા) | EARC TRUST SC 492 | રૂ. 17,90,850.41 | રૂ. 13,30,000.00 | રૂ. 1,33,000.00 | 07-05-2026 બપોરે 2:00 વાગ્યે | ભૌતિક |
| મિલકતનું વર્ણનઃ - મોજે વિઠ્ઠલપુરા, હાલોલ ખાતે આવેલ બિન-ખેતીની જમીનનો પ્લોટ, જેનો રેવન્યુ સર્વે નંબર 1 પૈકી કુલ ક્ષેત્રફળ 3709.33 ચો.મી., જે "યોગી નગર" તરીકે ઓળખાય છે, પૈકી પ્લોટ નં. 29-30, ક્ષેત્રફળ 58.15 ચો.મી., રજીસ્ટ્રેશન અને સબ-ડિસ્ટ્રિક્ટ કલોલ/હાલોલ, જિલ્લો પંચમહાલ. સીમાઓઃ પૂર્વમાં - 18 ફૂટનો આંતરિક રસ્તો, પશ્ચિમમાં - રવજીભાઈ ફૂલાભાઈ પટેલની જમીન, ઉત્તરમાં - પ્લોટ નં. 31, દક્ષિણમાં - 10'-3" ખુલ્લો માર્ગ. | | | | | | | |
| HL03BAO000012162/ ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ | સંતોષ સાહ (લોન લેનાર) સંગીતા સાહ (સહ-લોન લેનાર) | EARC-TRUST-SC-4819 | રૂ. 23,11,914.61 | રૂ. 4,20,000.00 | રૂ. 42,000.00 | 07-05-2026 સવારે 2:30 વાગ્યે | ભૌતિક |
| મિલકતનું વર્ણનઃ - ફ્લેટ નં. 204, બીજો માળ, ઘનશ્યામ ફ્લેટ, તલાટી ઓફિસ પાસે, વડસર વિલેજ રોડ, વડસર વડોદરા 390010 ખાતે આવેલી સ્થાવર મિલકત. આ મિલકત સિટી સર્વે નંબર 1386 (C.S.No. 1386, 1390, 1391, 1392 અને 1393) કુલ ક્ષેત્રફળ 980.00 ચો.મી. પર બાંધવામાં આવેલ "ઘનશ્યામ ફ્લેટ્સ" પૈકી બીજા માળનો ફ્લેટ નં. 204 છે જેનું ક્ષેત્રફળ 55.74 ચો.મી. અને અન્ય કોમન એરિયા 11.13 ચો.મી. છે. જે મોજેઃ વડસર, તાલુકા અને સબ ડિસ્ટ્રિક્ટઃ વડોદરા, જિલ્લોઃ વડોદરા ખાતે આવેલ છે. સીમાઓઃ પૂર્વમાં ફ્લેટ નં. 203, પશ્ચિમમાં ફ્લેટ નં. 205, ઉત્તરમાં અડીને આવેલ સર્વે નંબરની મિલકત, દક્ષિણમાં કોમન પેસેજ. | | | | | | | |

**હરાજી પ્રક્રિયા અંગેની મહત્વની માહિતીઃ**

| | | |
|---|---|---|
| 1. | EMD ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) "EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED - EMD ACCOUNT" ના નામે મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર હોવા જોઈએ. | |
| 2. | RTGS દ્વારા કરવામાં આવતી EMD ચુકવણીઃ એકાઉન્ટનું નામઃ EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED-EMD ACCOUNT; એકાઉન્ટ નંબરઃ 000405158602; બેંકનું નામઃ ICICI BANK; IFSC કોડઃ IFSC ICIC0000004. | |
| 3. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખના 1 દિવસ પહેલા પ્રાપ્ત થયેલ હોવી જોઈએ. |
| 4. | બિડ સબમિટ કરવાનું સ્થળ | 1st ફ્લોર, એડલવાઈસ હાઉસ, CST રોડ પાસે, કાલિના, મુંબઈ-400098 |
| 5. | હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઇટ) | E-Auction (https://auction.edelweissarc.in) |
| 6. | સંપર્ક વિગતો | કસ્ટમર કેરઃ 1800 266 6540 |
| 7. | મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય | પૂર્વ એપોઇન્ટમેન્ટ મુજબ |

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને EARCની વેબસાઇટ એટલે કે https://auction.edelweissarc.in પર આપેલી લિંકનો સંદર્ભ લો.

તારીખઃ 20.04.2026 અધિકૃત અધિકારી,
સ્થળઃ મુંબઈ એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ વતી

Edelweiss Asset Reconstruction